ગુજરાત આદિજાતિ વિકાસ આયોજન બોર્ડની
રચના કરવા બાબત.

ગુજરાત સરકાર
આદિજાતિ વિકાસ વિભાગ,
ઠરાવ ક્રમાંક: ટીએપી-૧૦૯૮-૧૪-૭-૧
સચિવાલય, ગાંધીનગર
તા.૨૨-૭-૧૯૯૮

વંચાણમાં લીધા

૧) આદિજાતિ વિકાસ વિભાગનો તા.૩-૮-૯૭ નો સરકારી ઠરાવ ક્રમાંક: ટીએપી-૧૦૯૭-૧૯૨૮-૭,

૨) કમિશનરશ્રી (આદિજાતિ વિકાસ) ગાંધીનગરનો તા.૧૨-૫-૯૮-નો અ.સ.પત્ર નં. ટીડી-યવક-અજન-૧-વશી-૨૭૨

આમુખ :-

માન.મુખ્ય મંત્રીશ્રી સાથે આદિવાસીઓને લગતા પ્રશ્નોની ચર્ચા કરવા માટે તા.૧૭-૪-૯૮ના રોજ બેઠક રાખવામાં આવી હતી. જેમાં આદિવાસીઓની મૂળભૂત જરુરીયાત/ માંગણી મુજબ યોજનાઓનું ઘડતર થાય તે માટે એક પ્લાનીંગ બોર્ડની રચના કરવા માટે માન. મુખ્યમંત્રીશ્રી ધ્વારા જણાવવામાં આવેલ, આ સંદર્ભમાં કમિશનરશ્રી, આદિજાતિ વિકાસના ઉપરોક્ત ક્રમાંક: ૨ આગળ દર્શાવેલ તા. ૧૨-૫-૯૮ ના અ.સ.પત્રથી ગુજરાત આદિજાતિ વિકાસ આયોજન બોર્ડની રચના કરવા અંગે સરકારશ્રીને દરખાસ્ત કરવામાં આવી હતી.

ઠરાવ :-

કમિશનરશ્રી (આદિજાતિ વિકાસ) ની આયોજન બોર્ડની રચના કરવા અંગેની ઉપર્યુક્ત દરખાસ્ત અંગે જરુરી વિચારણા કરી આદિવાસીઓના વિકાસની યોજનાઓના સંદર્ભમાં આયોજન કરવા માટે રાજ્ય કક્ષાએ માન.મંત્રીશ્રીના અધ્યક્ષપદે નીચે દર્શાવ્યા મુજબ એક પ્લાનીંગ બોર્ડની રચના કરવાનું રાજ્ય સરકાર ઠરાવે છે.

આ પ્લાનીંગ બોર્ડનું નામાભિધાન 'ગુજરાત આદિજાતિ વિકાસ આયોજન બોર્ડ' રહેશે અને તેનું બંધારણ નીચે મુજબ રહેશે.

| | | |
|---|---|---|
| ૧. | માનનીય મુખ્ય મંત્રીશ્રી | અધ્યક્ષશ્રી |
| ૨. | માન. મંત્રીશ્રી, આદિજાતિ કલ્યાણ | ઉપાધ્યક્ષશ્રી |
| ૩. | માન. મંત્રીશ્રી, નાણાં | સભ્યશ્રી |
| ૪. | માન. મંત્રીશ્રી (આદિજાતિ કલ્યાણ /રાજ્યકક્ષા/નાયબ) | ,, |
| ૫. | મુખ્ય સચિવશ્રી | ,, |
| ૬-૭ | માન. સંસદસભ્યશ્રી (અનુ.જનજાતિના બે સભ્યો દર વર્ષે ક્રમિક રીતે ) | ,, |
| ૮,૯ અને ૧૦ | માન. ધારાસભ્યશ્રી (અનુ.જનજાતિના ત્રણ સભ્યો દર વર્ષે ક્રમિક રીતે) | ,, |
| ૧૧. | અધિક મુખ્ય સચિવશ્રી, આદિજાતિ વિકાસ વિભાગ | ,, |
| ૧૨. | અધિક મુખ્ય સચિવશ્રી, નાણાં વિભાગ | ,, |
| ૧૩. | સચિવશ્રી (આયોજન) સામાન્ય વહીવટ વિભાગ | ,, |
| ૧૪. | કમિશનરશ્રી, આદિજાતિ વિકાસ | ,, |
| ૧૫-૧૬ | રાજ્ય સરકારશ્રી દ્વારા નિયુક્ત આદિજાતિ વિકાસ અને આદિજાતિ સંશોધન સાથે સંકળાયેલ તજ્જ્ઞો | ,, |
| ૧૭-૧૮ | રાજ્ય સરકારશ્રી દ્વારા નિયુક્ત રાજ્યના આદિજાતિ કલ્યાણ પ્રવૃત્તિ સાથે સંકળાયેલ સ્વૈચ્છિક સંસ્થાના બે પ્રતિનિધિઓ | ,, |
| ૧૯-૨૦ | સરકારશ્રી દ્વારા નિયુક્ત રાજ્યની આદિજાતિ કલ્યાણની પ્રવૃત્તિમાં સંકળાયેલ બે મહિલા પ્રતિનિધિઓ | ,, |
| ૨૧. | નાયબ સચિવશ્રી, આદિજાતિ વિકાસ વિભાગ | સભ્ય સચિવ |

આમંત્રિતો

આદિજાતિ વિસ્તાર પેટા યોજનાના અમલીકરણ સાથે સંકળાયેલ વિભાગોના અધિક મુખ્ય સચિવશ્રી / સચિવશ્રીઓને જરુરીયાત પ્રમાણે આમંત્રિત સભ્ય તરીકે બોલાવી શકાશે.

..૩..

આ '' ગુજરાત આદિજાતિ વિકાસ આયોજન બોર્ડ '' નું કાર્યક્ષેત્ર નીચે મુજબ રહેશે.

૧. આદિજાતિ વિસ્તાર અને તેની બહાર વસતા આદિજાતિઓના સર્વાંગી વિકાસ માટે સમાન ધોરણે નાણાંનો વ્યાજબી હિસ્સો ફાળવવામાં આવે તે માટે ધોરણો નક્કી કરવા અંગેના સુચનો કરવા.

૨. આદિજાતિ વિસ્તાર પેટા યોજના અંગેની પંચવર્ષીય યોજના અને વાર્ષિક વિકાસ યોજનામાં જરૂરી વ્યુહરચના અને અગ્રીમતા અપાવવા રાજ્ય સરકારને સુચનો કરવા.

૩. રાજ્યના આદિજાતિ લોકોના આર્થિક અને સામાજીક વિકાસમાં અડચણરૂપ મુદ્દાઓને શોધી કાઢવા અને તેને દુર કરવા માટેના ઉપાયો કરવા.

૪. આદિજાતિ લોકોની જીવન જીવવાની ગુણવત્તા અને જીવન ધોરણમાં સુધારો કરવા માટે રાજ્યના હાલના વહીવટી માળખા અને આદિજાતિ લોકોની અપેક્ષાઓ, તેઓની મૂળભૂત જરુરીયાતો વચ્ચે સમન્વય સ્થપાય તે માટેના જરુરી સુચનો કરવા.

૫. રાજ્યના આદિજાતિ વિસ્તાર પૈકીના વિવિધ વિસ્તારમાં સમતોલ વિકાસનું આયોજન કરવા માટે જરૂરી ઉપાયો સુચવવા.

૬. આદિજાતિ વિસ્તારોમાં રહેતા આદિજાતિ લોકોના આર્થિક ઉત્થાનનો સ્વરોજગારીની તકો પ્રાપ્ત થઈ શકે તે માટે જરૂરી સુચનો કરવા.

૭. રાજ્યના આદિજાતિ વિસ્તારોમાં રહેતા આદિજાતિ લોકો માટે સામાજીક માળખાકીય સવલતો અને ભૌતિક માળખાકીય સવલતો વધુ સઘન બનાવવા અસરકારક પગલાંઓ લેવા માટે જરુરી સુચનો કરવા.

૮. રાજ્યના આદિજાતિ કલ્યાણ કાર્યક્રમોના અમલીકરણ અંગે પ્રગતિની સમીક્ષા કરવી અને રાજ્યની નીતિઓના સમન્વય કરવાના હેતુથી તેમાં જરુરી સુધારાઓ માટે જરુરી સુચનો કરવા.

૯. આદિજાતિ વિસ્તાર પેટા યોજના હેઠળ અમલમાં મુકાતી વિવિધ યોજનાઓના મૂલ્યાંકન કરાવવું. મૂલ્યાંકન થયેલી યોજનાઓની સમીક્ષા હાથ ધરવી અને મૂલ્યાંકન

અહેવાલના સંદર્ભમાં આદિજાતિ કલ્યાણની યોજનાઓને વધુ અસરકારક બનાવવા માટે સુચનો કરવા.

બોર્ડના તમામ બીન સરકારી સભ્યોને બોર્ડની બેઠકમાં હાજરી આપવાની થાય ત્યારે સરકારના પ્રવર્તમાન ધારા ધોરણ મુજબ પ્રવાસ ભથ્થુ / દૈનિક ભથ્થુ મળવા પાત્ર થશે.

આ ઠરાવની વિભાગની સમાનાંકી ફાઈલ પર નાણાં સલાહકારશ્રીની તા.૧૩-૭-૯૮ ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે

સહી/—
(પી.કે.ચાવડા)
નાયબ સચિવ
આદિજાતિ વિકાસ વિભાગ,
ગુજરાત સરકાર

પ્રતિ,

- માન. રાજ્યપાલશ્રીના સચિવશ્રી
- માન. મુખ્ય મંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી / સચિવશ્રી
- બધા જ માન. મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ/ અંગત મદદનીશશ્રીઓ
- માન. વિરોધપક્ષના નેતાશ્રી, સચિવાલય, ગાંધીનગર
- અધિક મુખ્ય સચિવશ્રી, નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- સચિવશ્રી (આયોજન) સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- ગુજરાત આદિજાતિ વિકાસ આયોજન બોર્ડના અધ્યક્ષશ્રી, ઉપાધ્યક્ષશ્રી, સભ્યશ્રીઓ
- સચિવાલયના સર્વે વહીવટી વિભાગો
- કમિશનરશ્રી, આદિજાતિ વિકાસ, બ્લોક ૪/૧, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
- નાયબ કમિશનરશ્રી, આદિજાતિ વિકાસ, ગાંધીનગર
- એક્ઝીક્યુટીવ ડાયરેક્ટર, ગુજરાત આદિજાતિ વિકાસ, બ્લોક નં.૧૦, ગાંધીનગર
- સર્વે ખાતાના વડાઓ
- સર્વે પ્રાયોજના વહીવટદારો/ નાયબ પ્રાયોજના એડમીનીસ્ટ્રેટર્સ / પ્રોજેક્ટ ઓફીસર્સ
- એકાઉન્ટન્ટ જનરલ, અમદાવાદ/ રાજકોટ
- નાણાં સલાહકારશ્રી, સચિવાલય, ગાંધીનગર
- વિભાગના સર્વે અધિકારીશ્રીઓ
- વિભાગની સર્વે શાખાઓ
- સિલેક્ટ ફાઈલ